ગાંધીનગરમાં ૩ કરોડના ફટાકડાનું વેચાણ : નગર ઝળહળ્યું

દિવડાઓની જગમગતી જ્યોત, રંગબેરંગી રોશની અને આતશાબજીથી રાત્રિ રોનક નિખરી

ગાંધીનગર, તા, ૧૬

અંધકાર ઉલેચી તેજોમય પ્રકાશ પાથરવા દિપાવલીના પર્વમાં નગરમાં દિવડાઓની જગમગતી જ્યોત વચ્ચે આતશબાજીએ ધૂમ મચાવી હતી. આકાશને રંગીન બનાવવા ફેન્સી ફટાકડાએ આકર્ષણ જમાવ્યું હતું. ફટાકડાના ભાવમાં અંદાજિત ૧૦ ટકાનો ભાવવધારો હોવા છતાં બજારમાં ગરમાવો જોવા મળ્યો હતો. 'નો કેકર્સ' ના સોહામણાં અભિગમ વચ્ચે પણ ૩ કરોડના ફટાકડાનું વેચાણ થતું હોવાનો અંદાજ છે.

અંધકારથી પ્રકાશ તરફ લઈ જતા ઝળહળતા દિવાળીના પર્વમાં મીઠાઈ ફરસાણની સાથે 'કેકર્સ માર્કેટ' પણ હોટ રહ્યું હતું. મહિનાના મધ્યાંતરે થયેલા દિવાળીના તહેવારને અનુભવ અનુલક્ષી શરૂઆતમાં કપડા બજાર અને મીઠાઈની દુકાનો પર નગરજનોની ભીડ જામી હતી. જયારે ફટાકડાની અવનવી વેરાઈટીને ખરીદવામાં પણ કેકર્સના રસિયાઓએ ભારે ઉમળકો દાખવ્યો હતો. શહેરમાં આ વર્ષે મુખ્ય ગણાતા સે-૨૧ અને સે-૭ના ફટાકડાં બજારમાં ૧૨૫ જેટલા સ્ટોલ ઉભાં કરાયા હતા. આ ઉપરાંત અન્ય ૧૦ થી ૧૫ સ્થળોએ ફટાકડાનું વેચાણ થયું હતું. ગત વર્ષની સાપેક્ષમાં ફટાકડાના ભાવમાં ૫ થી ૧૦ ટકાનો વધારો થયો હોવા દિવાળી સેલીબ્રેશન માટે નગરજનોનો ઉત્સાહ થોડો પણ ઓસરાયો ન હતો. અલબત્ત ફટાકડા બજાર પર ભાવવધારાની કોઈ વિશેષ અસર જોવા મળી ન હતી. મિસાઈલ અને વિશલવાળી 'ચાઈના ગન' પાછળ વિશેષ ક્રેઝ જોશ મળ્યો હતો. દિવાળીની મોડી રાત સુધી આકાશ આતશબાજીથી રંગીન જોવા મળ્યું હતું. વેપારીઓનાં મત મુજબ ગત વર્ષ કરતા ફટાકડાના ભાવ વધુ હોવા છતાં નગરજનોની ખરીદદારી વધી હોવાનું વેચાણના અંતે જાણવા મળ્યું છે. શહેરમાં અંદાજિત ૩ કરોડનાં ફટાકડાંનું વેચાણ થતું હોવાનુ ધ્યાને મળ્યું છે. બીજી તરફ 'નો કેકર્સ ' નો અભિગમ આમ નાગરિકોમાં હજુ મજબૂત રીતે અપનાવ્યો ન હોવાનું પણ ચિત્ર ઉપસી આવ્યું છે.

ચિલોડા નજીક ત્રણ વિવિધ અકસ્માતોમાં ત્રણના મૃત્યુ

ડભોડા ત્રણ રસ્તા પાસે મીની ટ્રકને અડફેટે બાઈક ચાલકનું મોત : મગોડી નજીક બસ નીચે બાઈક ઘુસી જતા યુવાન મોતને ભેટ્યો

ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર નજીકના ચિલોડા-દહેગામ માર્ગ પર તથા ચિલોડા-હિંમતનગર હાઈવે વિસ્તારમાં અકસ્માતનાં સર્જાયેલા ચાર વિવિધ કિસ્સાઓમાં ત્રણ વ્યક્તિઓના મૃત્યુની ઘટના બનવા પામી છે. જેમાં ચિલોડા-દહેગા માર્ગ પર ડભોડા ત્રણ રસ્તા પાસે મીની ટ્રકની ટક્કરે બાઈક ચાલકનું મૃત્યુ થવા પામ્યું હતું. જ્યારે ચિલોડા-હિંમતનગર હાઈવે પર ચાલતા જઈ રહેલા વૃદ્ધને અજાણ્યા વાહને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી કાર ચાલક ફરાર થઈ ગયાની ઘટના બનવા પામી છે. તથા મગોડી નજીક બસ નીચે બાઈક ઘુસી જતા એક યુવાન બાઈક ચાલકનું પણ પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યું છે. તમામ અકસ્માતો અંગે ચિલોડા પોલીસે ગુના નોંધી આગળની કાર્યવાહી આરંભી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

તહેવારના દિવસોમાં ગાંધીનગરમાં અકસ્માતોના નોંધપાત્ર કિસ્સાઓ બનવા પામ્યા છે. ચિલોડા-દહેગામ માર્ગ પર ડભોડા ત્રણ રસ્તા પાસે બે દિવસ અગાઉ દિવાળીની સાંજે બાઈક અને મિની ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ઈસનપુર મોટા ગામના ૨૦ વર્ષિય યુવાન મહોતસિંહ અમરાજી ઠાકોરનું ઘટનાસ્થળ પરજ પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યુ હતું. અકસ્માતના બીજા કિસ્સામાં ચિલોડા-હિંમતનગર જવાના માર્ગ પર ચાલતા જઈ રહેલા મહુન્દ્રા ગામના ૭૮ વર્ષિય વૃદ્ધ હિંમતસિંહ ફતેસિંહ ચાવડાને કોઈ અજાણ્યા વાહને અડફેટે લઈ લેતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. અકસ્માત સર્જીને કાર સાથે ચાલક ફરાર થઈ ગયો હતો.

તે ઉપરાંત ચિલોડા-દહેગામ માર્ગ પર ઈસનપુર ચોકડી પાસે એસ.ટી. બસ નીચે બાઈક ઘુસી જતાં બાઈકચાલક મગોડીના યુવાન રાજુભાઈ કાન્તીભાઈ પરમારનું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજ્યું હતું. ત્રણ વિવિધ અકસ્માતોમાં ત્રણના મૃત્યુ થવા પામ્યા છે. તે ઉપરાંત અન્ય નાના-મોટા સંખ્યાબંધ અકસ્માતો પણ પોલીસ ચોપડે નોંધાયા છે.

પ્રદૂષણની સમસ્યાથી જી.ઈ.બી.ના રહીશો ત્રસ્ત : આંદોલનની ચિમકી

સળગતા કચરાથી વાતાવરણ પ્રદૂષિત થતાં રહીશોને ગૂંગળામણ

ગાંધીનગર, તા. ૧૬

નવા વર્ષનાં પ્રારંભે જી.ઈ.બી. કોલોની વિસ્તારમાં પ્રદૂષણની સમસ્યા વકરી છે. મહાનગરપાલિકા દ્વારા ખડકાતા કચરાનાં ઢગલાંને લીધે ગંદકીની સમસ્યા વકરી છે. જયારે જાહેર સ્થળે કચરો સળગાવતા ખુદ જી.ઈ.બી.ના કર્મચારીઓ જ પ્રદૂષણની સમસ્યાનો ભોગ બન્યા છે.

અગાઉ પાવર હાઉસમાંથી ઉડતી ઍશના લીધે સ્થાનિક રહીશો તોબા પોકારી જતાં પણ જયારે હવે કચરાનાં દૂષિત ધુમાડાથી જનઆરોગ્ય જોખમાય તેવી સ્થિતિ છે.

ગ્રીન સીટી અને કલીન સીટીની આગવી ઓળખ ધરાવતાં નગરમાં હરિયાળા વૃક્ષોનું નિકંદન વળી રહ્યું છે જયારે સ્વચ્છતાના અભિગમ ન જળવાતા શહેરમાં ઠેર ઠેર ખડકાયેલા કચરાના ઢગ સામે ગંદકી ખદબદી રહી છે. બીજી બાજુ શહેરમાંથી ગંદકી ઉલેચવામાં અનિયમિતતા અંને પછી શહેરના છેવાડે વિકરાળ સમસ્યા ઉદભવી છે. નગરપાલિકા દ્વારા જી.ઈ.બી. પાછળના વિસ્તારમાં કચરાનાં ઢગ ખડકાયા છે. રોજબરોજ જાહેરમાં ખડકાયેલા કચરાનાં ઢગને સળગાવતા કાળાડિબાંગ ધુમાડા વચ્ચે દુર્ગંધયુક્ત માહોલથી સ્થાનિક રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા છે. દાયકા પૂર્વે જી.ઈ.બી. પાવર હાઉસની ઍશના લીધે આ વિસ્તારમાં પ્રદૂષણની સમસ્યાએ કાગારોળ મચાવ્યો હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી કોલોની રહીશો જ પ્રદૂષણ જટીલ સમસ્યાનો શિકાર બન્યા છે. સળગતા કચરાનાં ઢગમાંથી ઉઠતા ધુમાડાના લીધેસ્થાનિક રહીશો બેબાકળા બની ગયા છે. શહેરમાં કચરાના એકત્રિકરણ અને નિકાલ માટે યોગ્ય સ્થળ પસંદગીના અભાવેઆમ નાગરિકો માટે દયનીય સ્થિતિ સર્જે છે. સંભવિત હવાલે અનેકવાર રજૂઆત કર્યાના બાદ પણ યોગ્ય પગલાં ન લેવાતા રહીશોહવે આંદોલનની રાહે લડત આપશે. તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

રજાની મજા માણવા અક્ષરધામ મંદિરે સહેલાણીઓની ભારે ભીડ

ગાંધીનગર, તા. ૧૬

નગરના પ્રખ્યાત અક્ષરધામ મંદિરે દિવાળીની રજાઓમાં સહેલાણીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. પાંચ દિવસના મીની વેકશનમાં દર વર્ષેની જેમ આ વર્ષે પણ અક્ષરધામ મંદિરમાં સવારથી જ લાંબી લાંબી કતારોમાં દૂર દૂરથી મુલાકાતીઓ ભગવાન સ્વામિનારાયણનાં દર્શનાર્થે આવી રહ્યાં છે અને દિવાળીની રજાની મજા માણી રહ્યા છે.

ઉત્સવોના મહાપર્વ સમા દિપોત્સવની રજાઓમાં દરેક પરિવારો કયાંક - કયાંક રજાઓ ગાળવા માટે જતા હોય છે. દિવાળીની રજાઓમાં દરેક ધાર્મિક સ્થળો અને પ્રવાસન ધામોમાં પણ ભારે ધસારો જોવા મળી રહ્યો ત્યારે ગાંધીનગર પાટનગરના પ્રખ્યાત સ્વામિનારાયણ મંદિરે પણ છેલ્લા ત્રણ દિવસથી મુલાકાતી મંદિરે આવી રહ્યાં છે. હાલ મંદિરની બહારના ભોર કંઈક અલગ જ નજરાણું જોવા મળે છે. ભાત-ભાતના અને જાત-જાતના રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ થઈ મુલાકાતીઓ નજરે પડે છે. મંદિરમાં લેંજર શૉ આકર્ષણનું કેન્દ્ર છે. ત્યારે મુલાકાતીઓ લેંજર શૉ, મુખ્યમંદિર, પ્રદર્શની, હરિ મંદિર, જુદી જુદી રાઈટ્સોની મજા માણી રહ્યા છે. દરમિયાન મંદિરની પણ ખાણી પીણીની પણ સહેલાણીઓ મજા લઈ રહ્યા છે અને મીની વેકેશનની મસ્તી સાથે મજા લઈ રહ્યાં છે.

પાંચ વર્ષ જુનું વેર વાળવા વિદ્યાર્થીનું શિક્ષક પર ફાયરીંગ

સિગારેટ ફુંકતા જોઈ જતાં ટયુશનના શિક્ષકે વાલીને કહી દીધું હતું : ઘરેથી કાઢી મુકાયેલો વિદ્યાર્થી નવા વર્ષે મુંબઈથી તમંચો લઈને દહેગામ પરત ફર્યો : બે ની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૬

પાંચ વર્ષ અગાઉ વિદ્યાર્થીને સિગારેટ પીતા જોઈ ગયેલા ટયુશન શિક્ષકે તેના પિતાને કહી દઈ ઠપકો અપાવ્યો હતો. તે જ દિવસે પિતાએ તેને ઘરેથી કાઢી મુકયો હતો. આ પાંચ વર્ષ જૂનું વેર વાળવા વિદ્યાર્થી ફરી દહેગામ આવી પહોંચ્યો હતો અને નવા વર્ષને દિવસેથી રસ્તે ચાલતા જઈ રહેલા તેના દુશ્મન બની ગયેલા શિક્ષક પર દેશી તમંચો તાકી ચાલુ બાઈકે બે રાઉન્ડ ગોળીબાર કર્યાની ચકચારી ઘટના ગાંધીનગર પાસે દહેગામ ખાતે બનવા પામી હતી. દહેગામ પોલીસે શિક્ષકની સાથળ પર ફાયરીંગ કરનાર વિદ્યાર્થી શખ્સ તથા તેનું બાઈક ચલાવતા સાથી મિત્ર બંનેની ધરપકડ કરી રિમાન્ડ મેળવી સઘન પુછપરછ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા દહેગામ ખાતે કૃણાલભાઈ હેમંતભાઈ શાહ ખાનગી ટયુશન કલાસીસ ચલાવે છે. પાંચ વર્ષ અગાઉ તેમના ટયુશનમાં આવતો વિદ્યાર્થી કૃણાલ હરીશ અમીનને સિગારેટ ફુંકતા શિક્ષક જોઈ ગયા હતા અને કૃણાલ અમીનના પિતાને કહી દીધું હતું. કૃણાલના પિતાએ આ વાત સાંભળીને તેને તાત્કાલીક ઘરેથી કાઢી મુકયો હતો. તે દિવસથી આજ દીન સુધી પાંચ વર્ષથી તે મુંબઈ રહેતો હતો. કુટેવ સુધરી જાય તે હેતુથી વાલીને કહી દેનાર શિક્ષકને પોતાનો દુશ્મન માની લઈને તે વિદ્યાર્થી શખ્સે મુંબઈથી એક દેશી તમંચો ખરીદી લીધો અને નવા વર્ષે દહેગામ આવી પહોંચ્યો હતો. કૃણાલ અમીન તેના એક મિત્ર મિતેશ ગુણવંત રાજપુતના બાઈક પાછળ બેસી ગયો અને દહેગામ રોડ પરથી ચાલતા જઈ રહેલા ટયુશન શિક્ષકને ભર બજારમાં સાથળ પર બે રાઉન્ડ ફાયરીંગ કરી ઘાયલ કરી દીધા હતા. ફાયરીંગ કરીને કૃણાલ અમીન સ્થળ પરથી નાસી છુટયો હતો જયારે મિતેશ રાજપુત ટોળાના હાથે ઝડપાઈ ગયો હતો. દહેગામ પોલીસે તેની ધરપકડ કરી પુછપરછ શરુ કરી હતી. દરમિયાન ઘટનાના ગણતરીના કલાકોમાં દહેગામ પોલીસે ફાયરીંગ કરનાર શખ્સની પણ ડામેર પાસેથી ધરપકડ કરી લીધી હતી. પુછપરછ માટે કોર્ટે બંનેના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. દહેગામ પોલીસની એક ટીમ વધુ તપાસ માટે મુંબઈ મોકલી દેવામાં આવી છે. આ ગુનાની વધુ તપાસ દહેગામ પી.આઈ. એમ.એચ. શેખે હાથ ધરી છે.

ગાંધીનગર નાગરિક બેંકના નવ નિયુકત પદાધિકારીઓ આજે હોદ્દો સંભાળશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નાગરિક બેંકના નવ નિયુકત પદાધિકારીઓ સર્વશ્રી અશોકભાઈ વકીલ (ચેરમેન), ઘનશ્યામ કે. પટેલ (મેનેજીંગ ડીરેકટર), અશોકભાઈ પટેલ (વાઈસ ચેરમેન) આજે તા. ૧૭મી નવેમ્બરને શનિવારે બપોરે ૧૨.૩૯ કલાકે હોદ્દાનો ચાર્જ સંભાળશે. નવા હોદેદારોએ નગરજનો, બેંકના સભાસદ મિત્રો, થાપણદારો, ગ્રાહકો તેમજ સૌને નવા વર્ષની શુભકામનાઓ પાઠવીને બેંક પણ નવા વર્ષે નવા સફળતાના શિખરો પ્રાપ્ત કરે તેવી શ્રદ્ધા લાગણી વ્યકત કરી છે.

દિનપ્રતિદિન બેંકની થાપણોમાં ઉત્તરોત્તર વધારો થાય છે. બેંકમાં નફાનું ધોરણ પણ ઉત્તરોત્તર વધતું જાય છે. નગરના વિકાસને ધ્યાનમાં રાખી બેંક વધુમાં વધુ હોમ લોન, વાહન લોન, ધંધાકીય લોન નિયમિત ધિરાણ કરતી હોય છે.

જિલ્લામાં ફટાકડા ફોડતી વખતે ૬૦ વ્યકિતઓ દાઝયા

સદભાગ્યે દિવાળીમાં એક પણ મોટી આગ દુર્ઘટના બનવા પામી નથી

ગાંધીનગર, તા. ૧૬

દિવાળીના દિવસથી ભાઈબીજ સુધી ત્રણ દિવસ દરમિયાન ગાંધીનગર જિલ્લામાં ફટાકડાથી તથા તેના દ્વારા બનેલી નાની-મોટી આગની ઘટનાઓમાં ૬૦ થી વધુ વ્યકિતઓ ઘાયલ થવા પામી છે. તે પૈકી કેટલાકને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તો કેટલાકને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. સદભાગ્યે જિલ્લામાં કોઈ મોટી આગ દુર્ઘટના ઘટવા પામી ન હતી.

રાજયના બે અલગ અલગ વિસ્તારોમાં ફટાકડા બજારમાં સર્જાયેલી આગ દુર્ઘટનાને ધ્યાને લઈ ગાંધીનગર ફાયર બ્રિગેડ દ્વારા ચેકીંગ કર્યા બાદ કોઈ મોટી દુર્ઘટના ગાંધીનગરમાં ન સર્જાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી. જેને પગલે આગની કોઈ મોટી દુર્ઘટના બનવા પામી નથી. જો કે ફટાકડા ફોડતી વખતે સાવધાની ન રાખી હોવાથી દાઝી જવાના જિલ્લામાં સંખ્યાબંધ કિસ્સાઓ ત્રણ દિવસ દરમિયાન બનવા પામ્યા છે. કેટલાક બાળકો તો કેટલાક યુવાનો અને વડીલો પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભોગ બન્યા છે. જિલ્લાભરમાંથી ૬૦થી વધુ વ્યકિતઓને નાની-મોટી ઈજાઓ ત્રણ દિવસ દરમિયાન થવા પામી હતી. તે પૈકી કેટલાક ખાનગી તો કેટલાક સરકારી દવાખાનામાં સારવાર લેવા પહોંચ્યા હતા અને સારવાર લીધી હતી. સદનસીબે આ વર્ષે દિવાળી દરમિયાન કોઈ મોટી આગ દુર્ઘટના સર્જાવા પામી ન હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર જિલ્લાના દિપોત્સવી પ્રસંગે દિવાળીની રાત્રે ચિલોડા-મુખ્ય બજાર પાસેના ઈન્દિરા આવાસ નગરમાં આવેલા વિષ્ણુજી ઠાકોરના મકાન પર પશુ માટેના સૂકો ઘાસચારો જુવારના મોંઘા દાટ પુળાઓમાં સળગતું રોકેટ આવી પહોંચતા આગ લાગતાં ગામના યુવાનો દોડી આવ્યા હતાં. આ યુવાનો અને ગાંધીનગર ફાયર બ્રિગેડ દ્વારા પાણીનો મારો ચલાવતાં ભારે જહેમત બાદ આગ કાબુમાં આવી હતી. આ બનાવના સ્થળે મોટી સંખ્યામાં ગ્રામજનો આવી પહોંચતા જુવારના સળગતા પુળાઓને રફેદફે કરી આગ ઓલવવા ભારે જહેમત ઉઠાવી હતી, આ વિસ્તારમાં અચાનક આગ લાગતાં રસ્તા પરના દબાણોને લીધે ફાયર બ્રિગેડવાનને ભારે મુશ્કેલી વેઠવી પડી હતી. આ અંગે જાગૃત નાગરિકો દ્વારા રસ્તા પરના આડેધડ દબાણો દૂર કરવા સત્તાવાહકોએ માંગ કરી હતી.

ચિલોડા સર્કલ પાસે લકઝરી બસના છાપરે જીવના જોખમે મુસાફરી કરતા મુસાફરો

ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ચિલોડા જંકશન મથક એટલે પરપ્રાંતિય મુસાફરો માટેનું અવર જવર માટેનું મોખરાનું સ્થાન ગણાય છે. વાર તહેવારે ચિલોડા મથકે પર પ્રાંતિય લકઝરી બસો, ખાનગી વાહનો માટે મુસાફરોની ભારે ભીડનો લાભ લેતા હોય છે. જયારે રાજસ્થાનમાં હોળી ધુળેટી તથા દિવાળી પોતાના વતનમાં મનાવવા હંમેશા માદરે વતન જવા જાનના જોખમે લકઝરી બસના છાપરે બેસી રવાના થઈ રહ્યા છે. આમ સ્થાનિક કક્ષાએ ખાનગી વાહનોમાં મુસાફરોની હેરાફેરી કરતા વાહન ચાલકો સામે કાયદો હાથ ધરાય છે જયારે પરપ્રાંતિય લકઝરી બસો બેફામ-બસની કેપેસટી કરતાં વધુ મુસાફરો બસના છાપરે બેસી મુસાફરી કરતા હોય અકસ્માતની દહેશત હોવા છતાં બધુ રામભરોસે ચાલ્યા કરે છે.

એસ.ટી.તંત્ર દ્વારા પાંચ દિવસમાં ૧૫ લાખની આવક

ગાંધીનગર, તા. ૧૬

દિવાળીના પર્વોમાં ગાંધીનગરમાં રહેતા કર્મચારીઓ અને પ્રવાસીઓને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ના પડે તે માટે ગાંધીનગર એસ.ટી. તંત્ર દ્વારા જુદા-જુદા રૂટની ૬૫ અપ એન્ડ ટાઉન ટ્રીપો ગોઠવી પાંચ દિવસના ટૂંકાં ગાળામાં રૂપિયા ૧૫ લાખની જંગી આવક રળી લીધી છે.

કર્મચારી નગર તરીકે ઓળખાતા ગાંધીનગરમાં નોકરી અથવા ધંધા અર્થે વસવાટ કરતાં ઘણાં લોકો તેહવારો દરમિયાન પોતાનાં વતનમાં જતાં હોય છે. તે સમય દરમિયાન ગાંધીનગર એસ.ટી. તંત્ર દ્વારા પાંચ દિવસ દરમિયાન જુદા જુદા સ્થળ જે વાકે મહુડી, દાહોદ, જાલોદ વિગેરે સ્થળની થી વધુ ટ્રીપો દોડાવી અને મુસાફરોને સહેજ પણ મુશ્કેલી ના પડે તે માટેનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ ટ્રીપોમાંથી ડેપો મેનેજર યોગેશ પટેલ દ્વારા જણાવ્યા પ્રમાણે રૂપિયા ૧૫ લાખથી વધુની આવક થવા પામી હતી અને એવો નિર્ધાર વ્યક્ત કર્યો હતો કે ભવિષ્યમાં પણ આ પ્રકારનું આયોજન કરી મુસાફરને મુશ્કેલી વગર તેમની મંજિલ સુધી પહોંચાળવામાં એસ.ટી.તંત્ર હરહંમેશ તૈયારી બતાવશે, તેવો એક મત વ્યક્ત કરવામાં કરવામાં આવ્યો હતો.

વાસણ ગામના ખોડીયાર મંદિરમાં ૧૮મીએ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ગાંધીનગર જિલ્લાના વાસણ ગામના શ્રી વૈજનાથ મહાદેવ ટ્રસ્ટ અને ગ્રામ પંચાયત દ્વારા તા. ૧૮મી નવેમ્બર ૨૦૧૨ રનેરવિવારે લાભપાંચમના દિવસે શ્રી સાંઈબાબા મંદિર સંકુલમાં શ્રી ખોડીયાર માતાજીની મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ બપોરે ૧૨.૩૯ વાગે યોજાશે. વૈજનાથ મહાદેવ ટ્રસ્ટ, સમર્પણ સેવા ટ્રસ્ટ, અન્નપૂર્ણા અન્ન ક્ષેત્ર સમિતિ-હનુમંતલાલજી અશોકવાટિકા વિકાસ સમિતિના સંયુકત ઉપક્રમે યોજાનાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ખાસ ઉપસ્થિત રહેશે. ખોડલ ધામના પ્રણેતા નરેશભાઈ પટેલના વરદ્ હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા યોજાશે.

શબ્દાવલી - ૪૮૯૭



આડી ચાવી

૧. એક સુંવાળું કાપડ (૪)
૫. સારાંશ, સારનો ભાગ (૩)
૬. અન્ય કે વધારાની પ્રવૃત્તિ (૬)
૯. ક્ષાર, વેર (૨)
૧૦. ફોટો, છબી (૩)
૧૧. પૂનમે દરિયામાં... આવે (૩)
૧૩. પ્રવાહી, ફળોનો... (૨)
૧૫. અનુકૂળતા (૪)
૧૭. ના સમજ (૩)
૧૮. નશીબનું અંગ્રેજી (૨)
૧૯. કર્મ, કરમીયાને પણ... કહેવાય (૩)

ઊભી ચાવી

૧. દૂધની તર (૩)
૨. એક રાગ, રાગનો પ્રકાર (૩)
૩. રીટાયર્ડ થવું તે (૩)
૪. ખેવૈયો (૪)
૭. સાધુ, સન્યાસી (૩)
૮. બળદ (૩)
૯. સરભરાને હિન્દીમાં... કહેવાય (૫)
૧૦. તાલાવેલી (૪)
૧૨. અલપઝલપ દેખાવું, ... મળવી (૩)
૧૪. સાજનને... પણ કહેવાય (૩)
૧૬. ટોટલ બધા મળીને (૨)
૧૭. સુંઘવાની - શ્વાસ લેવાની ઈન્દ્રિય (૨)

શબ્દાવલી ૪૮૯૬ના જવાબ

આડી ચાવી :- (૧) પરમાત્મા (૪) વસુધા (૭) રમત (૮) લગન (૯) મણ (૧૦) વિનિયમ (૧૨) કનક (૧૪) સરસવ (૧૬) વ્યાપક (૧૭) ગરણી (૧૮) રાશી (૧૯) બરછટ (૨૧) ખોયુ (૨૨) પથ

ઊભી ચાવી :- (૧) પરમહંસ (૨) રમણ (૩) માત (૪) વલય (૫) સુગમ (૬) ધાન (૧૦) વિનવણી (૧૧) નિક (૧૨) કસર (૧૩) બકવાટ (૧૫) રગશીયુ (૧૬) વ્યાપાર (૧૮) રાખો (૧૯) બથ (૨૦) છડી